Q5L7N9

# ૧૦ રંગેસંગે કામ કરો

ચાલો ગીતો વિશેનું ગીતડું ગાઈએ.

**ગાયાં નવ નવ નવલાં ગીત**

કે ગીતડે મોજ કરાવી લોલ...!
ગાવાં હજી મજાનાં ગીત,
કે ગીતડાં ખૂટી પડ્યાં રે લોલ...!
દાદી ગીત-ખજાનો ઉઘાડ
ખજાને ગીત ઘણાં રે લોલ...!
મારા દાદાના દેશનાં ગીત
સુણવાં બાકી હજી રે લોલ....!
માવડી એકલી ગણગણતી'તી
એ ગીતડાં ક્યાં મૂક્યાં રે લોલ?
બાપુ સીમમાં લલકારતા'તા
એ ગીતડાં તાજાં કરો રે લોલ...!

ચિત્રમાં દેખાતી વસ્તુઓનાં નામ લખો. છોકરા શું કરતા હશે? એકબીજાને કહો.



 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રજાનો દિવસ એટલે મજાનો દિવસ. આ દિવસે કોઈ ન ગમતું કામ સોંપે તો તમને કેવું થાય? આ વાર્તામાં આવું કંઈક થાય તો છે પણ પછી કામનું કામ કેવી રીતે થાય છે તે સાંભળીએ, વાંચીએ અને જાણીએ. મજા આવશે.

## રંગારો કોણ?

રવિવારનો દિવસ.

'આહા! આજે સ્કૂલ નથી, લેસન નથી. બસ આરામ કરો અને રમવા જાઓ.' ટૉમ પથારીમાંથી બેઠો થતાં થતાં વિચારતો હતો. ત્યાં જ એના નામની બૂમ પડી : "ટૉમ...ઓ ટૉમ... કેટલી વાર? બસ મોડે સુધી પડી જ રહેવું છે. બીજો કોઈ કામધંધો છે કે નહીં?" ટૉમ આંખો ચોળતો ચોળતો બહાર આવ્યો. તેણે માસીના હાથમાં ચૂનો કરવાની મોટી પીંછી અને બાજુમાં પડેલી ચૂનો ભરેલી ડોલ જોઈ. પૉલીમાસીનું આ રૂપ અને વસ્તુઓ જોઈ તેને આવનારી આફત થોડી થોડી સમજાઈ ગઈ. "જો ટૉમ, કેટલાય દિવસથી બહારની દીવાલ રંગવાનું રહી જાય છે. આ ચૂનો અને પીંછી તૈયાર છે, આજે આ કામ પૂરું કરી દેજે." ટૉમ ઘડીક ડોલ બાજુ જુએ ને ઘડીક દીવાલ તરફ. તેને મનમાં દાઝ ચઢી કે આ દીવાલ રંગવાનો રિવાજ કોણે શોધ્યો? દીવાલો એમ જ સારી લાગે. ભારે હૈયે તેણે એવી જ ભારે ચૂનાની ડોલ ઉઠાવી. બહાર વરંડાની દીવાલ પાસે પહોંચ્યો. અચાનક જ તેના મનમાં એક વિચાર ઝબક્યો. તેણે પોતાના હોઠ અને જીભને આકાર આપી ખાસ સીટી વગાડી પછી કામ શરૂ કરી દીધું.

દીવાલનો એક ભાગ રંગ્યો હશે ત્યાં જ તેનો ભાઈબંધ બૅન એ તરફ આવતો દેખાયો. બૅનના હાથમાં એક મોટું લાલચટ્ટાક સફરજન હતું. તે જોઈને ટૉમના મોઢામાં પાણી આવી ગયું છતાં બૅન અને તેના સફરજન પર ધ્યાન આપ્યા વગર તેણે કામ ચાલુ રાખ્યું.

બૅન ટૉમની મજાક ઉડાવવા માટે નજીક જઈ ટૉમની ખાસ સીટી મારી કહે, "વાહ, ટૉમ સૉયર! રવિવારના દિવસે કામ!"

"કામ?" ટૉમે ચૂનો લગાવવાનું ચાલુ રાખી કહ્યું, "તું આને કામ કહે છે?"

"કેમ, આ કામ નથી?" બૅને ટૉમની મજાક કરતાં આંખ મિચકારી.

ટૉમે તેનું કામ ચાલુ રાખી, બૅન તરફ જોયા વગર કહ્યું, "અમમમ... કદાચ આને કામ કહી શકાય અને ન પણ કહેવાય. જોકે એ જે પણ હોય ચૂનો લગાવવાની કળા માત્ર ટૉમ સૉયરને જ આવડે છે. તે ટૉમ સૉયરને ગમે પણ છે."

આટલું બોલી ટૉમ પોતાની ખાસ સીટી મારતાં મારતાં કલાકારની અદાથી ચૂનો લગાવવા

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

માંડ્યો. થોડી વાર થાય, બે ડગલાં પાછળ ખસે અને દીવાલ તરફ જુએ, થોડો વિચાર કરે અને પાછો દીવાલ પર એકાદ-બે લસરકા મારે. થોડીવાર તેની તરફ ઝીણી નજરથી જોઈ રહે ને સ્મિત કરી સીટી વગાડે. ટૉમની આ ખુશી દીવાલ પર લાગતા ચૂના જેવી હતી. અંદરથી તો આ કામ ગમતું નહોતું પણ તે બહાર દેખાવા દેતો નહોતો, બહાર તો માત્ર સીટી અને સ્મિત. બૅન આ બધું ધ્યાનથી જોવા લાગ્યો. તેને હવે રસ પડવા લાગ્યો. ટૉમે તેના તરફ ધ્યાન આપ્યું જ નહીં તેથી બેનથી રહેવાયું નહીં. તેણે ટૉમને કહ્યું, ‘‘ટૉમ, હું શું કહું છું...’’ ટૉમે તેની તરફ જોયું જ નહીં અને પીંછી મારતાંમારતાં જ બેદારકારીથી કહ્યું, ‘‘હંઅ.... બોલ, શું છે?’’

બૅને પૂછ્યું, ‘‘હું થોડીવાર ચૂનો લગાવું?’’ ટૉમ સહેજ અકળાઈને, ‘‘બૅન, તું દોસ્ત ખરો પણ આ કામ બધાંને આવડે એવું છે નહીં. આ માત્ર કામ નથી, કળા છે. વળી, પૉલીમાસીએ મને સોંપ્યું છે અને તું તો મારી માસીને જાણે જ છે ને!’’

‘‘ટૉમ, હું તને ખાતરી આપું છું. હું ખૂબ ધ્યાનથી ચૂનો લગાવીશ. ટૉમ, તને આપણી દોસ્તીના સમ.’’

‘‘તારી આ જ ટેવ મને નથી ગમતી. આ વાતમાં દોસ્તી ક્યાંથી વચ્ચે આવી?’’ ટૉમ થોડીવાર બૅન તરફ જોઈ બોલ્યો. ફરી પાછો ચૂનો લગાવવા માંડ્યો.

બૅનથી હવે ન જ રહેવાયું. તેણે કહ્યું, ‘‘ટૉમ, હું તને અડધું સફરજન આપીશ.’’

‘‘સફરજન?’’ ટૉમ ગુસ્સાથી કામ કરતાં કરતાં બોલ્યો, ‘‘તને શું લાગે છે! વાત સફરજનની છે? આમાં સહેજ પણ ખામી રહી જાય તો મારી માસી મારું કચુંબર બનાવી દે. આવ્યા મોટા... અડધા સફરજનવાળા. તું જા ભાઈ, મને મારું કામ કરવા દે.’’

‘‘ટૉમ આવું શું કરે છે? આખું સફરજન તારું, બસ?’’

ટૉમે પોતાના ચહેરા પરની ખુશી છુપાવી બૅન પર ઉપકાર કરતો હોય એમ ધીમેથી પીંછી બૅનના હાથમાં આપી. તેની પાસેથી સફરજન લઈ ઝાડના છાંયડામાં બેસી ગયો.

હવે ટૉમ પાસે માત્ર બે કામ હતાં - બૅનને સૂચનાઓ આપવાનું અને સફરજનનાં નાનાં નાનાં બટકાં ભરવાનું. ‘‘બૅન, એમ નહીં, ત્યાં જો... તારા જમણા હાથ બાજુ... હા એ... ત્યાં સહેજ... હા, બસ... બસ... સરસ. બૅન, તને આવડી જશે એમ લાગે છે.’’

બિચારો બૅન પરસેવે રેબઝેબ થઈ ગયો. બૅન થાકી ગયો ત્યારે ટૉમે બિલીને ફસાવી દીધો. બિલી પાસેથી પતંગ લઈ તેને દીવાલ પર ચૂનો લગાવવાનું કામ આપ્યું. એ જ રીતે જૉની પાસેથી લખોટીઓ લીધી. બધા રવિવારે ટૉમની મજાક ઉડાવવા આવ્યા હતા પણ ટૉમે પોતાનું કામ તેમને પધરાવી દીધું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બપોર સુધીમાં દીવાલ ત્રણ વાર રંગાઈ ચૂકી હતી. સાથે જ ટૉમ પાસે હવે એક આખું સફરજન, પતંગ, લખોટીઓ, કૂતરાને પહેરાવવાનો એક પટ્ટો, તૂટેલા ચપ્પુનો હાથો, રમકડાંનો સિપાહી અને એક મોટી તાળા વગરની ચાવી હતી.

ટૉમ દોડતો કૂદતો ખાલી ડોલ લઈ માસી પાસે ગયો : ‘‘માસી, હવે હું રમવા જાઉં?’’

માસીએ ગુસ્સામાં પૂછ્યું, ‘‘કેમ? કેટલું કામ કર્યું?’’

‘‘બધું જ. દીવાલ તો આખી રંગાઈ ગઈ.’’

પૉલીમાસીને વિશ્વાસ ન થયો. તેમણે બહાર આવી જોયું તો સાચે જ આખી દીવાલ ચૂનાથી ચમકતી હતી. ધારીધારીને જોયું પણ એકેય જગ્યાએ કોઈ ખામી ન દેખાઈ.

માસીના ચહેરાના ભાવ ગુસ્સામાંથી બદલાઈને ખુશીના થઈ ગયા : ‘‘વાહ! ટૉમ, તે સરસ કામ કર્યું છે. રમવા જતાં પહેલાં બીજું એક કામ કર.’’ ટૉમનો ચહેરો ફરી વિલાઈ જાય તે પહેલાં જ માસી હસીને કહે, ‘‘પેલી ટોપલીમાંથી એક મોટું સફરજન લેતો જા.’’

ટૉમે સૌથી મોટું સફરજન લીધું. ઘરની બહાર જઈ બૂમ પાડી. ‘‘માસી, આવું બીજું કંઈ પણ કામ હોય તો કહેજો.’’

## વાતચીત :

- તમારી નોટમાં રંગાયા પછીની દીવાલ દોરો.
- તમને વાર્તામાં સૌથી વધુ મજા ક્યારે આવી?
- વાર્તાના જે જે શબ્દો કે વાક્યો યાદ હોય તે બોલો.
- તમને તમારા ઘરમાં કયાં કયાં કામ સોંપાય છે? તમને એમાંથી કયું કામ કરવું ગમે?
- તમને કયું કામ કરવું ન ગમે?
- તમારા મિત્રો સાથે તમે ઘરકામ કર્યું છે? તે વાત કહો.
- તમને શું લાગે છે કેવાં કામ કરવાથી શરીરને વધુ થાક લાગે?
- જો તમને તમારી મમ્મી રસોઈ બનાવવા કહે તો તમે શું બનાવો?
- તમને એક મહિના માટે ઘરનું એક જ કામ સોંપવામાં આવે તો તમે કયું કામ પસંદ કરો?
- તમને ટૉમ જેવું થવું ગમે? કેમ?
- ચૂનો મારવાના કામ પછી માસીએ ટૉમને કયું કામ સોંપ્યું હશે?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ ટૉમે તો કામ કર્યું અને કરાવ્યું. હવે તમારે કંઈક કરવું છે? ચાલો વાર્તામાંથી જ કૈંક શોધવાનું કામ કરીએ. જો જો... ટૉમની જેમ બેસી ન રહેતા.

| રમવાની વસ્તુઓ | જગ્યાઓ | ક્રિયાઓ | માણસોનાં નામ | તમને ગમતા શબ્દો | તમને અર્થ ખબર ન હોય તેવા શબ્દો |
|---|---|---|---|---|---|
| | | આરામ કરવો | | | |

⬡ ખોટાં વાક્યોને રંગી નાખો. (ઘરકામ)

૧. ટૉમ માસીએ સોંપેલાં કામ ખૂબ ઉત્સાહથી કરતો.
૨. ટૉમને રવિવારે કામ કરવાનું ખૂબ ગમતું.
૩. ટૉમ દુઃખી હોય એટલે સીટી વગાડતો.
૪. ટૉમને ચૂનો કરતો જોઈને બૅન તેની મદદ કરવા આવ્યો.
૫. થોડી વાર ચૂનો કર્યા પછી ટૉમને ચૂનો કરવાનું ખૂબ ગમી ગયું.
૬. ટૉમના મિત્રો તેની મશ્કરી કરવા ઈચ્છતા હતા.
૭. ટૉમને બૅને રમવાની અને બિલીએ ખાવાની વસ્તુ આપી.
૮. ટૉમે યુક્તિથી વરંડા પર ચૂનો કરાવી દીધો અને કેટલીક વસ્તુઓ પણ ભેગી કરી.
૯. ટૉમનાં માસી તેનું કામ જોઈ રાજી થયાં.

● ગીતડું ગાઈએ... 'ગાયાં નવ નવ નવલાં ગીત...

⬡ કામ કરીને થાક્યા હો એમ આળસ મરડો અને ત્યાર બાદ જોડીમાં બેસો. વાક્યો વાંચો અને લીટી કરેલા શબ્દનો અર્થ ધારો. તેના પર ખરાની નિશાની કરો.

૧. ધરતીકંપ એક કુદરતી આફત છે. તેને રોકી શકાતી નથી. પણ તેવી આફત સમયે જો સાવચેતી રાખીએ તો નુકસાન ઓછું થાય. મુશ્કેલી✓/અકસ્માત/લડાઈ

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. અબ્બુ આજે જલેબી લાવ્યા. કાગળની થેલી સહેજ ફાટી ગઈ હતી. એમાંથી પીળી પીળી જલેબી જોઈને જ આયશાના મોઢામાં પાણી આવી ગયું.
**મોઢું પલળી જવું/ખાવાનું મન થઈ જવું/પાણીથી મોં ધોવું.**

૩. ફોટોગ્રાફરે કહ્યું, ''આટલું બધું દાંત દેખાય એટલું ન હસો. સહેજ સ્મિત કરો તો ફોટો સરસ આવશે.'' **સહેજ મોં મલકાવવું/આંખમાં પાણી આવી જાય તેવું હસવું.**

૪. ફિરદૌસને આમ તો વાર્તા સાંભળવી ગમે જ નહિ પણ નીલાબહેન એવી સરસ રીતે વાર્તા કહે એટલે તેને હવે વાર્તા સાંભળવામાં રસ પડવા લાગ્યો છે.
**સાંભળવા માંડવું/મજા પડવી/આનંદ થવો.**

૫. કાચનાં વાસણો સાફ કરવામાં ખૂબ કાળજી રાખવી પડે. સહેજ પણ બેદરકારી રાખો તો તૂટી જાય. **કાળજી ન રાખવી/ખૂબ કાળજી રાખવી./ડબલ કાળજી રાખવી.**

૬. મોટાંબેનની નજર જ એવી છે અમે ગમે તેટલું સારું કામ કરીએ. કોઈક ને કોઈક ખામી તો કાઢે જ. **ભૂલ/બીજું કામ/સજા**

૭. વિશાલનું ઘર શાળાથી નજીક જ છે પણ આજે ગરમી એટલી બધી હતી કે વિશાલ ઘરેથી શાળાએ પહોંચતાં પરસેવે રેબઝેબ થઈ ગયો. **પલળી જવું/વરસાદમાં નહાવા જવું/પરસેવાથી નહાવું**

૮. મારા મામાનો દીકરો ઠીંગણો છે તો બધા તેને 'એ ગોટિયા, એ ગોટિયા' કહી તેની મજાક ઉડાડે છે પણ તેને આ વાતનું બિલકુલ ખરાબ લાગતું નથી.
**ખીજવવું/મજા કરવી/ખરાબ શબ્દો બોલવા.**

**વાક્ય પરથી અર્થ તારવો, સાચા અર્થ સામે ✓ કરો. એક કે વધારે વાક્યો ખરાં ખોટાં હોઈ શકે.**

૧. ''ટૉમ... ઓ ટૉમ... કેટલીવાર? બસ મોડે સુધી પડી જ રહેવું છે? બીજો કોઈ કામધંધો છે કે નહીં?''

☐ આ વાક્ય ટૉમ બોલે છે. ☐ ટૉમને મોડા ઊઠવાની ટેવ છે.

☐ કોઈ વડીલ જ આવું કહે. ☐ આ વાક્ય પ્રેમથી બોલાયું છે.

૨. ''વાહ ટૉમ સૉયર! રવિવારના દિવસે કામ!''

☐ આ વાક્ય શાબાશી આપવા માટે છે. ☐ ટૉમને કામ કરતો જોઈ નવાઈ લાગે છે.

☐ બૅન ટૉમની મજાક ઉડાવવા આવું બોલે છે. ☐ રવિવારે કામ કરવું પડે તે સારું ન કહેવાય.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. ‘‘તારી આ જ ટેવ મને નથી ગમતી. આ વાતમાં દોસ્તી ક્યાંથી વચ્ચે આવી?’’

☐ ચૂનો કરવાની વાત ચાલી રહી છે. ☐ ટૉમને બૅનની દોસ્તી નથી ગમતી.

☐ ‘‘આપણે તો દોસ્ત કહેવાઈએ ને!’’ એવું બૅન વારંવાર બોલતો હશે.

☐ આ વાક્યમાં ટૉમ ખોટો ગુસ્સો બતાવવા બોલે છે.

૪. ‘‘ટૉમ આવું શું કરે છે? આખું સફરજન તારું...’’

☐ ટૉમ અડધું સફરજન લેવા તૈયાર નથી. ☐ પૉલીમાસી ટૉમને કહે છે.

☐ બૅન ખુશીથી ટૉમને આખું સફરજન આપવા ઇચ્છે છે.

☐ બૅન દીવાલ રંગવાના બદલામાં ટૉમને આખું સફરજન આપે છે.

૫. ‘‘કેમ? કેટલું કામ કર્યું?’’

☐ ટૉમ ગુસ્સાથી બોલે છે. ☐ બિલી બૅનને પૂછે છે.

☐ પૉલીમાસી વ્હાલથી ટૉમને પૂછે છે. ☐ પૉલીમાસીને ટૉમ પર વિશ્વાસ નથી.

**આવી વાતચીત કોણ કરી શકે? વાર્તામાં આવતાં પાત્રોનાં નામ વિચારો, લખો.**

**ઉદાહરણ :** ટૉમ : હું ટોપલીમાંથી બીજું એક સફરજન લઉં?

માસી : કેટલાંક સફરજન ખાઈશ? બૅન કહેતો હતો કે તું એનું પણ સફરજન ખાઈ ગયો!

૧. .......... : મારે પણ બૅનની જેમ ચૂનો લગાવતાં શીખવું છે.

.......... : જો તું મને પતંગ આપે તો તને પીંછી મળે.

૨. .......... : યાર, મને પણ ચૂનો લગાડવા આપને.

.......... : પણ તું મને લખોટી આપે તો હું તને ચૂનો લગાડવા પીંછી આપું.

૩. .......... : શી વાત છે! તને કામ કરવામાં બહુ મજા આવી રહી છે ને!

.......... : હાસ્તો! એટલે તો આમ મસ્ત સીટી વગાડતો વગાડતો કામ કરું છું.

૪. .......... : તું તો લખોટીઓ લઈને આવતો હતો ને! ક્યાં ગઈ તારી લખોટી?

.......... : માસી, એ તો એક મસ્ત કામ કરવા માટે મેં મારા ભાઈબંધને આપી દીધી.

૫. .......... : આજે તો કામ કરી બહુ થાકી ગયો. સૂઈ જાઉં હવે!

.......... : તું તો ઝાડ નીચે આરામ કરતો’તો. કામ તો બૅન, બિલી અને જૉનીએ કર્યું.

- **ફરી એકવાર ગીતડું લલકારીએ : ‘ગાયાં નવ નવ નવલાં ગીત...’**

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કોણ સારો અભિનય કરશે? અભિનય કરો.

૧. ટૉમને માસીએ દીવાલ રંગવાનું કહ્યું ત્યારે ટૉમ ચૂનાની ડોલ તરફ જુએ છે.
૨. બૅન આવ્યો એ પહેલાં ટૉમ દીવાલ રંગી રહ્યો છે.
૩. બૅનના આવ્યા પછી ટૉમ ચૂનો લગાડી રહ્યો છે.
૪. બૅન ટૉમને ચૂનો લગાડતો જોઈ રહ્યો છે.
૫. પરસેવે રેબઝેબ થઈને બૅન ચૂનો લગાવી રહ્યો છે.
૬. ટૉમ ઝાડ નીચે બેસી સફરજન ખાઈ રહ્યો છે.
૭. પૉલીમાસી રંગેલી દીવાલ જોઈ રહ્યાં છે.

## ચૂનો કરવો હોય તો કઈ રીતે કામ થાય? વાક્યોને ક્રમ આપો.

( ) ઓછો ચૂનો લાગ્યો હોય ત્યાં ફરી ચૂનો કરો.
( ) ડોલમાં પાણી લો.
( ) ચૂનાની થેલી પર રહેલી સૂચના ધ્યાનથી વાંચો.
( ) તેમાં પીંછી બોળો અને દીવાલ પર લગાવવાનું શરૂ કરો.
( ) એક લાકડી વડે તે ચૂનાવાળા પાણીને હલાવો.
( ) તેમાં ચૂનો નાખો.

## વાસણ માંજવાની અને કપડાં ધોવાની રીત લખો. દરેક વાક્યને નંબર આપો.

| વાસણ માંજવાની રીત | કપડાં ધોવાની રીત |
|---|---|
| | |

*શાળા કે ગામની કોઈ દીવાલ કે દીવાલના ભાગને બાળકો સાથે મળીને રંગો. બાળકોના પ્રતિભાવોની વર્ગમાં ચર્ચા કરો.*

*વર્ગનાં બાળકો શાળા/ઘરમાં ક્યાં ક્યાં કામ કરે છે? તે કામ કોની પાસેથી/કેવી રીતે શીખ્યા? તે કામ કરવામાં તેમને શું મુશ્કેલી પડી અને તેમાં તેમણે શું સુધારો કર્યો? - આ મુદ્દાઓ વિશે આ એકમ ચાલે ત્યાં સુધી દરરોજ ચર્ચા કરી વર્ગનાં બધાં બાળકોને તક મળી રહે તે રીતે રોજ ત્રણ-ચાર બાળકોને ઉપરના પ્રશ્નો પૂછી ચર્ચા કરો.*

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**‘રંગારો કોણ?’ વાર્તા મોટેથી વારાફરતી વાંચો અને બે-ત્રણ વાક્યોમાં પ્રશ્નોના જવાબ આપો.**

૧. ટૉમને ઊંઘમાંથી કોણે ઉઠાડ્યો હતો? શા માટે?
૨. ટૉમને પોતાના ઉપર આફત આવવાની છે એવું કેમ લાગ્યું?
૩. દીવાલ રંગતાં પહેલાં ટૉમે પોતાની ખાસ સીટી કેમ વગાડી હતી?
૪. કલાકારની જેમ ચૂનો લગાડવા માટે ટૉમ શું કરતો હતો?
૫. બૅનને ટૉમના કામમાં રસ શા માટે પડ્યો?
૬. ટૉમે પોતાના ચહેરા પરની ખુશી શા માટે છૂપાવી રાખી?
૭. બપોર સુધીમાં આખી દીવાલ ત્રણવાર કેવી રીતે રંગાઈ શકી?

- **વધુ એકવાર ગીતડું ‘ગાયાં નવ નવ નવલાં ગીત...’**

**જૂથમાં ચર્ચા કરી લખો અને વર્ગ સમક્ષ વાંચી સંભળાવો.**

- દીવાલ આ પ્રસંગ માસીને કહે તો કેવી રીતે કહેશે?
- ‘ચાલાક ટૉમ’ વિશે પાંચ-સાત વાક્ય લખો.

**વાંચો અને ઘટનામાં શું શું થવાની શક્યતા છે તે ટિક કરો.**

*વિદ્યાર્થીઓ ટિક કરે પછી વારાફરતી તેમણે કઈ કઈ શક્યતા ધારી અને તે શા માટે ધારી તે પૂછો.*

૧. વીજળીના કડાકાભડાકા થાય છે.
- [ ] વરસાદ પડશે.
- [ ] વરસાદ નહીં પડે.
- [ ] તડકો નીકળશે.
- [ ] આકાશમાં સફેદ વાદળ હશે.

૨. મેં ખૂબ આઈસક્રીમ ખાધો છે.
- [ ] શરદી થશે.
- [ ] થાક લાગશે.
- [ ] ઠેસ વાગશે.
- [ ] તાવ આવશે.

૩. અરર.. ખાંડ વેરાઈ ગઈ.
- [ ] લાદી પર ડાઘા પડી જશે.
- [ ] મમ્મી ખિજાશે.
- [ ] કીડીઓ આવી જશે.
- [ ] ચા બગડી જશે.

૪. સામેના ઘરમાંથી ઘણો ધુમાડો નીકળે છે.
- [ ] ઘરમાં આગ લાગી હશે.
- [ ] ચૂલો સળગાવ્યો હશે.
- [ ] ચા બનાવતાં હશે.
- [ ] ગરમ પાણી ઢોળાયું હશે.

૫. પપ્પા રોજ પાંચ વાગ્યે આવી જાય, આજે છ થઈ ગયા.
- [ ] રસ્તામાં મિત્ર મળી ગયા હશે.
- [ ] બાઈક્નું ટાયર પંક્ચર થયું હશે.
- [ ] ટ્રાફિક વધુ હશે.
- [ ] ઘડિયાળ બગડી હશે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **હવે, આ ત્રણ વાક્ય માટે બે-બે શક્યતાઓ વિચારો અને તમારા મિત્રએ લખેલી શક્યતાઓ સાથે સરખાવો.**

૧. ટીચર રોજ સ્કૂટર લઈને આવે છે, આજે સાઈકલ લઈને આવ્યાં.

૧. .............................................. ૨. ..................................................

૨. આજે તેના અક્ષર વંચાય તેવા નથી.

.................................................................................................................

૩. પ્રિયાને ગણિતનો તાસ ગમતો નથી.

.................................................................................................................

## કવિતા ગાઓ.

### મોસમ આવી મહેનતની

સોનાવરણી સીમ બની
મેહુલિયે કીધી મ્હેર રે... ભાઈ! મોસમ આવી મહેનતની.
નદિયુંનાં જલ નીતર્યાં
લોકોમાં લીલાલ્હેર રે... ભાઈ! મોસમ.
લીલોકંચન બાજરો
ને ઊજળોદૂધ કપાસ રે... ભાઈ! મોસમ.
જુવાર લોથે લૂમેઝૂમે
ને હૈયામાં હુલ્લાસ રે... ભાઈ! મોસમ.
ઉપર ઊજળા આભમાં
કુંજડિયુંના કલ્લોલ રે... ભાઈ! મોસમ.
વાતા મીઠા વાયરા ને
લેતા મોલ હિલોળ રે... ભાઈ! મોસમ.
લિયો પછેડી દાતરડાં
આજ સીમ કરે છે સાદ રે...ભાઈ! મોસમ.
રંગેસંગે કામ કરીએ
થાય મલક આબાદ રે... ભાઈ! મોસમ.
લીંપીગૂંપી ખળાં કરો
લાવો ઢગલેઢગલા ધાન રે... ભાઈ! મોસમ.
રળનારો તે માનવીને
દેનારો ભગવાન રે... ભાઈ! મોસમ.

- નાથાલાલ દવે

કવિતા વાંચી આંખ મીંચી કવિતામાં વર્ણવેલા, ખેતરનું ચિત્ર મનમાં બનાવો પછી અહીં ચિત્ર દોરો.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - કવિતાની જે લીટી ગમી હોય એ ગાઈને સંભળાવો.
  - તમે ખેતર જોયું છે? ત્યાં શું શું જોયું? તમારે કેટલાં ખેતર છે?
  - બસ/ટ્રેનમાં જતાં હો ને ખેતરો જુઓ તો શું દેખાય? તમને શો વિચાર આવે?
  - ખેતર અને વાડીમાં શો તફાવત હોય?
  - ખેડૂત કયાં કયાં કામ કરતા હોય છે?
  - તમને ખેતરનાં/ઘરનાં કયાં કયાં કામ આવડે છે?
  - તમને ખેતરમાં સૌથી વધુ શું ગમે?
  - ખેતરમાં કયાં કયાં ઓજાર વપરાય છે?
  - તમારી આસપાસ કયા કયા પાક થાય છે?
  - જો તમારે ખેતર હોય તો ખેતરને કયાં કયાં નામ આપો?
  - આ ગીતનો સીન ફિલ્મમાં આવે તો કેટલા લોકો કામ કરતા હોય?
- **આ ગીત પ્રાર્થનાસભામાં વેશભૂષા સાથે રજૂ કરો.**

**કાવ્યના આધારે ખરું હોય ત્યાં ✓ અને ખોટું હોય ત્યાં ✗ કરો.**

૧. વરસાદ પડવાથી નદીમાં પૂર આવ્યું અને ખેતરો ખેદાનમેદાન થઈ ગયાં.

૨. ખેડૂતોએ નહેરનાં પાણીથી સિંચાઈ કરી છે.

૩. ખેતરનો પાક પવનથી લહેરાઈ રહ્યો છે.

૪. આકાશમાં કાળાંડિબાંગ વાદળાં છે અને કુંજડી કલ્લોલ કરી રહી છે.

૫. અનાજના ઢગલા કરવા માટે ગારમાટીથી જગ્યા તૈયાર કરવાની છે.

**આખો વર્ગ બે જૂથમાં વહેંચાઈ જાઓ. એક જૂથ નીચે જેવાં વાક્ય બોલે, બીજું જૂથ તેને અનુરૂપ કાવ્યપંક્તિ બોલે આ રમત કવિતાની બીજી પંક્તિઓ માટે પણ કરો.**

૧. નદીઓનાં પાણીના કારણે સરસ પાક થયો છે અને લોકો ખૂબ ખુશ છે.

૨. સ્વચ્છ આકાશમાં પક્ષીઓ સુંદર ગાન કરી રહ્યાં છે.

૩. ખેતી માટેનાં સાધનો લઈ લો, આપણને ખેતર બોલાવી રહ્યાં છે.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. માણસ જેવી મહેનત કરશે તેવું કુદરત એને ફળ આપશે.

૫. આપણે સાથે મળીને કામ કરીશું તેનાથી આપણો દેશ સુખી થશે.

## જોડીમાં બેસો. આ શબ્દોના અર્થ ધારો અને ખાલી જગ્યા પૂરો.

(સોનાવરણી સીમ, દૂધ, લીલા લહેર,મહેર, લીંપીગૂંપી, મોસમ, ઢગલેઢગલા, નદિયું, દાતરડું)

૧. સૂરજના તડકામાં ચમકતા પીળા રંગવાળું ખેતર એટલે ...................... .

૨. મહીસાગર, નર્મદા, તાપી, સાબરમતી આ બધી ગુજરાતની ...................... કહેવાય.

૩. અમારા ગામમાં વીજળી, પાણી બધું મળી રહે છે. પૂરતું અનાજ મળે, સારાં મકાનો બની ગયાં છે. દિવસે કામ કરીએ ને રાત્રે ભજન. ગામમાં બધાંને ...................... છે.

૪. આખું વર્ષ વરસાદ પડ્યો જ નહીં, આ ખેતર લીલુંછમ છે, એ તો નર્મદામૈયાની ...................... છે.

૫. મારી મમ્મીએ શર્ટ ધોઈ ધોઈને ઊજળો ...................... જેવો કરી દીધો.

૬. દિવાળી નજીક છે એટલે મારી દાદી અમારા માટીના ઘરને ...................... તૈયાર કરે છે.

૭. ન ભણવું, ન લેસન! ભાઈ, કાલથી વેકેશન. ...................... આવી મસ્તીની.

૮. મને સપનું આવ્યું કે મારા ઘરમાં સોનાચાંદીનાં ઘરેણાંના ...................... થઈ ગયા.

## ભારપૂર્વક કહેવું હોય તો કેવી કેવી રીતે કહેવાય? ✓ કરો.

૧. લેસન કરવા માટે...

લેસન કરવાનું છે ને?

લેસન તો તારે કરવું જ પડશે.

લેસન પૂરું કર્યા પછી જ ઊભું થવાનું છે.

લેસન કરીશ તો જ રમવા જવા દઈશ.

લેસન કરી લેજે.

એય! લેસન કરવા બેસી જા.

હવે લેસન કરવાનો સમય થઈ ગયો છે.

૨. પોતું કરવા માટે...

હું પાછી આવું ત્યાં સુધી અહીંયાં પોતું થઈ ગયેલું જોઈએ.

પોતું તો તારે જ કરવું પડશે.

ચોખ્ખાઈ રાખવા પોતું તો કર.

પોતું કરી લઈએ તો માખીઓ ન આવે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. દફતર ગોઠવવા માટે...

કબૂતરના માળા જેવું કરી રાખ્યું છે, હમણાં જ દફતર ગોઠવ.

દફતર ગોઠવેલું હોય તો ચોપડીઓ સરળતાથી મળે.

દફતર તો ગોઠવેલું રાખવું જોઈએ.

દફતર ગોઠવ પછી જ ખાવાનું મળશે.

૪. કારેલાંનું શાક ખાવા માટે...

આમ બધું ભાવે તો કારેલાં ખાવામાં શું જોર પડે?

કારેલાંય ખાવાં પડશે.

ભલે કડવું લાગે, કારેલાંનું શાક શરીર માટે સારું.

થાળીમાં આવે એ ખાઈ જ લેવાનું.

ખાવા સમયે કચકચ ન જોઈએ.

૫. ચૉકલેટ ન ખાવા માટે...

હવે ચૉકલેટ નહીં, દાંત બગડી જાય.

હવે બિલકુલ ચૉકલેટ ખાવાની જ નથી.

જો ચૉકલેટને અડ્યો છે તો પપ્પાને કહી દઈશ.

બે તો ખાધી. બેટા, હવે આ એક ચૉકલેટ કાલે ખાજે.

## ભારપૂર્વક કેવી રીતે કહેવાય લખો.

૧. તમારા નાના ભાઈને ટીમમાં લેવડાવવા માટે તમે તમારા મિત્રોને શું કહેશો?

..........................................................................................................

૨. તમને ટી.વી. જોતાં અટકાવવા મમ્મી શું કહેશે?

..........................................................................................................

૩. તમે ઉછીની આપેલી પેન્સિલ તમારો મિત્ર પાછી આપતો ન હોય તો તમે પેન્સિલ કેવી રીતે માગશો?

..........................................................................................................

- **છેલ્લું ગીતડું છેલ્લી વાર : ગાયાં નવ નવ નવલાં ગીત**

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **હસો.**

લાલો : અલા, આટલું બધું કેમ કરતાં વાગ્યું?

ભૂરો : તને પેલી સામેની દિવાલ દેખાય છે?

લાલો : હા દેખાય છે ને!

ભૂરો : કાલે હું બાઈક લઈને ગયો ત્યારે મને નહોતી દેખાઈ.

**લગભગ સરખા :**

**લલકારવું**-લાંબા, મોટા અવાજે ગાવું; **ઘડીક**-સહેજ વાર, જરા વાર, થોડો વખત; **રિવાજ**-પહેલેથી ચાલ્યું આવતું હોય તેવું; **ભારે હૈયે**-ઉદાસ હૃદયે; **વિચાર ઝબકવો**- યુક્તિ સૂઝવી; **મોઢામાં પાણી આવવું**-ખાવાનું મન થવું; **લસરકો મારવો**-ઝપાટાથી ખેંચવું કે ઘસડવું તે; **ઝીણી નજરથી જોવું**-ધ્યાનપૂર્વક જોવું; **અકળાવું**-ચિડાવું; **ફસાવવું**-મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકવું; **પધરાવવું**-ન ખપતી કે ન જોઈતી વસ્તુ બીજાને વળગાડી દેવી; **વિલાવું**-ઝાંખા પડવું; **સોનાવરણું**-સોના જેવા રંગવાળું; **મેહુલિયો**-વરસાદ; **લીલાલ્હેર**-મજા; **ઊજળું**- ચમકતું સફેદ; **હુલ્લાસ**-આનંદ; **કુંજડી**-એક પક્ષી; **મોલ**-પાક; **હિલોળ**-પાણીના મોજા જેવો ઉછાળો; **લિયો**-લો ('લેવું'ના અર્થમાં); **પછેડી**-ઓઢવા-પાથરવા-પાક બાંધવા માટે વપરાતું ચાદર જેવું કપડું; **આબાદ**-સુખી






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તને સાંભરે રે...

- આપણામાંથી કોને 'બૅન' એ કોઈક છોકરી હશે એવું લાગ્યું હતું?
- આપણે શું નવું શીખ્યા?/તમને આવડતું હોય પણ ભણવામાં પહેલી વાર આવ્યું હોય તેવી કોઈ બાબત આવી આ એકમમાં?
- ટોમ બધા પાસે કામ કરાવી લેશે તે તમને ખ્યાલ આવી ગયેલો? ક્યારે? કેમ?
- વિદ્યાર્થીઓને કહો કે તેઓ પાઠ્યપુસ્તકનાં પાનાં ફેરવતાં જઈ, પાઠ્યપુસ્તકમાં જોઈને પણ જવાબ આપી શકે.
- ખિસ્સું શેરીથી શર્ટ સુધી કઈ રીતે પહોંચ્યું?
- 'શંખલાની બહેન છીપલી' માં કોણ શંખલો અને કોણ છીપલી?
- આખી ચોપડીમાં તમને કઈ વાર્તા સૌથી વધુ ગમી? કેમ?
- વાર્તાઓનાં કયાં પાત્રો/કોણ કોણ ડાહ્યું હતું? કોણ કોણ તોફાની?
- કયાં કયાં ગીત કવિતા/ગીત/વાર્તામાં ભાઈ-બહેનની વાત આવતી હતી? તે વાત શું હતી?
- કયા ગીતમાં સવારની વાત હતી? કયામાં રાતની? શું વાત હતી?
- કંકુ પગલાં પાડવા શું કરવું પડે?
- મેદાનમાં રમવાની/વર્ગમાં રમવાની કઈ-કઈ રમતો તમે શીખ્યા? રમ્યા?
- કોઈ વાક્યને લાંબું બનાવવું હોય તો શું કરવું પડે?
- તમે ક્યારે-ક્યારે પ્રશ્નો બનાવ્યા/પૂછ્યા હતા?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in